રાજ્યપાલશ્રીને શહેરનાં અગ્રણીઓ અને પ્રતિનિધિઓએ જન્મદિનની શુભેચ્છા પાઠવી

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના જન્મદિન પ્રસંગે યોજાયેલ 'સ્વૈચ્છિક રક્તદાન શિબિર'

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતને શહેરના અગ્રણીઓ અને અનેકવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ રાજભવન ખાતે ઉપસ્થિત રહીને જન્મદિનની હાર્દિક શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે રાજભવનમાં યોજાયેલી સ્વૈચ્છિક રક્તદાન શિબિરની રાજ્યપાલશ્રીએ મુલાકાત લઈ રક્તદાતાઓને માનવતાના ઉદાત્ત સેવાકાર્યમાં યોગદાન આપવા માટે બિરદાવ્યા હતા અને તેમનો આભાર માન્યો હતો.

રાજ્યપાલશ્રીના જન્મદિન નિમિત્તે રાજભવનમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત શાખા, અમદાવાદ-ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તથા રાજભવનનાં સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલી 'સ્વૈચ્છિક રક્તદાન શિબિર'માં રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ તથા તેમના પરિવારજનો, સૈન્યની ત્રણેય પાંખના અધિકારીઓ, અર્ધ લશ્કરી દળોના સભ્યો તેમજ સ્થાનિક રક્તદાતાઓએ ઉત્સાહભેર સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. આ રક્તદાન શિબિરમાં બહોળી સંખ્યામાં રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું.

આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીની ઉપસ્થિતિમાં રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓએ રાજ્યપાલશ્રીને જન્મદિનની હાર્દિક શુભકામનાઓ પાઠવી આશીર્વાદ મેળવ્યા હતા.

સમગ્ર દિવસ દરમિયાન રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, સેનાની ત્રણે પાંખના ઉચ્ચાધિકારીઓ, વિવિધ સેવાભાવી સંસ્થાઓ, સામાજિક તથા શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, પદાધિકારીઓ તથા સમાજના અગ્રણી નાગરિકોએ રાજ્યપાલશ્રીની મુલાકાત લઈ તેમને જન્મદિનની શુભકામનાઓ પાઠવી હતી.

શેઠ સી.એમ.હાઈસ્કુલ ટ્રેડીશનલ આર્ટ કોમ્પિટીશન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી.પટેલ ઈંગ્લીશ મિડીયમ હાઈસ્કૂલમાં MSME સંસ્થા દ્વારા તા. ૯-૧-૨૦૨૦ ને ગુરૂવારના રોજ ટ્રેડીશનલ આર્ટ કોમ્પિટીશન સ્પર્ધા યોજાઈ.

આ સ્પર્ધામાં આર.જી કન્યા વિદ્યાલય, આર.સી.પટેલ, શેઠ સી.એમ.શાળા તથા એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમશાળાઓના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શેઠ સી.એમ. શાળાનો વિદ્યાર્થી ગામોડ રાઘવ દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરી રૂ ૭૫૦૦ નું પુરસ્કાર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

શાળાના શિક્ષિકા સ્નેહલબા વાઘેલાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આચાર્યા ડૉ.ચેતના બૂચે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી પ્રેરણા પૂરી પાડી હતી.

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ દ્વારા

એનએસએસ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજની એન. એસ. એસ.ની વાર્ષિક શિબિર શબ્દલપુરા તા.માણસા ખાતે યોજાઈ હતી. આ સમય દરમિયાન સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો-બેટી પઢાવો, પાણી બચાવો, વ્યસન મુક્તિ, કન્યા કેળવણી, કૃષિ જાગૃતિ જેવી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ શિબિરાર્થી બહેનો દ્વારા કરવામાં આવી હતી. શબ્દલપુરા ગ્રામપંચાયત અને ગાયત્રીશક્તિપીઠ માણસાનો શિબિરાર્થી બહેનોને સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. સમગ્ર શિબિરનું સંચાલન અમૃતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ.નરેશ દવેએ કર્યું હતું.

સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ સંચાલિત સમર્પણ સ્કૂલ ઓફ લોના વિદ્યાર્થીઓ ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૦એ ગુજરાત રાજય કાનૂની સેવાસત્તામંડળ સંચાલિત 'કાયમી મફત અને સક્ષમ કાનૂની સલાહ કેન્દ્ર' અમદાવાદનો શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. પંકજ પંડ્યાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓઓને ડૉ. વિજેન્દ્રપ્રસાદે જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કૉલેજના ફૅકલ્ટી મેમ્બર અનમોલ સિંહ, બી.એસ. ટૂટેજા અને સુનિતા ચૌહાણ સમગ્ર પ્રવાસ દરમિયાન જોડે રહી સમજ આપી હતી. આ પ્રવાસના આયોજન માટે કેમ્પસ ડાયરેકટર મહેન્દ્રસિંહ વાઘેલા તથા રજીસ્ટ્રાર ડૉ. એમ.ડી. પાંડે એ ખુબ પ્રોત્સાહિત કર્યા હતા.

જન્મદિને વધામણી

જિજ્ઞેશ રાવલ
વિશિષ્ટ શિક્ષક
પ્રમુખ, ગ્રો ફાઉન્ડેશન
ડિરેક્ટર, જી ઈ ક્લબ
ફર્સ્ટ એઈડ ટ્રેનર, રેડક્રોસ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦

ભવ્યા રાજન શાહ

વિજયસિંહ વાઘેલા

ડો ગુલાબચંદ પટેલ
સામાજિક કાર્યકર
વ્યસન મુક્તિ અભિયાન પ્રણેતા
મો. ૮૮૪૯૭ ૯૪૩૭૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ વર્કશોપનુ આયોજન

ગાંધીનગર, તા. ૧૮

સી.બી.એસ.ઈ. 'ઈન્ટેલ (AI) થોન રેડીનેસ' વિષય પર ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય કાર્યશાળાનુ આયોજન દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું જેમાં ૧૦ શાળાઓના આશરે ૨૫ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. શ્રી પ્રાંશુ ખન્ના અને સુશ્રી પ્રિયંકા તિવારી એ વિષય નિષ્ણાત તરીકે સેવાઓ આપી હતી. શાળાના આચાર્ય અતનુ રથે સી.બી.એસ.ઈ. નો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આવા સુંદર અને એડવાન્સ વિષય પર કાર્યશાળાનુ યજમાનપદ કરવું તે ગૌરવ લેવા જેવી વાત છે.

જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલની ડાયટ ખાતે આયોજન કરાયું હતું. જેમાં નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળા દ્વારા 'અમારી આગવી ગણિતની પ્રયોગશાળા' પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો હતો.

જે.એમ.પી ગોપાલક વિદ્યા સંકુલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા એકત્ર કરાયેલ કપડાનું ગરીબ બાળકોને વિતરણ

જે.એમ.પી ગોપાલક વિદ્યા સંકુલમાં સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા એકત્ર કરાવેલ ગરમ કપડાનું વિતરણ ગરીબ બાળકોને કરવામાં આવ્યું. અત્યારે ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ વધતું જાય છે.શહેરમાં કેટલાક એવા લોકો છે જે આવી કડકડતી ઠંડીમાં બહાર ફુટપાથ પર સુવે છે જેઓ પાસે પૂરતા પ્રમાણમાં ગરમ કપડા કે ઓઢ્વાના નથી આવા શ્રમજીવીઓ અને રસ્તા પર રહેતા લોકોને ગરમ કપડાનું વિતરણ કર્યું. તેમજ જન્મ દિવસ નિમિતે બાળકો દ્વારા આપવામા આવેલ ફંડ માંથી ગરીબ બાળકો માટે ફૂડ પેકેટ લાવી વિતરણ કરવામા આવ્યું.

ગ્રામ વ્યવસ્થાપન - રા.સે.યો. દ્વારા રાજ્યપાલના જન્મદિવસ નિમિત્તે રક્તદાન

ગાંધીનગર, તા. ૧૮

રાંધેજા-ગાંધીનગર. ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના, ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાની રાષ્ટ્રીય સેવા યોજનાનાં સ્વયંસેવકોએ ગુજરાતના મહામિહમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના જન્મદિવસ નિમિત્તે રાજભવન ગાંધીનગર ખાતે રક્તદાન કર્યું હતું.

કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને જણાવ્યું કે આપણો રાષ્ટ્રીય સેવા યોજના એકમ વિગત વર્ષોથી અહિં રક્તદાન શિબિરમાં પોતની સક્રિય અને રચનાત્મક ભાગીદારી નોંધી માનવ સેવા માટે સમર્પણની સંવેદના વિકસાવવામાં પોતાની ભૂમિકા સુનિશ્ચિત કરી રહ્યું છે.

એસ.વી. સ્કૂલમાં 'ઓરેંજ ડે'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ઓરેંજ ડે'ની ઉજવણી થઈ ગઈ. બાળકો ઓરેંજ કલરના વિવિધ પ્રકારના વસ્ત્રો પરિધાન કરી, ઓરેંજ કલરની વસ્તુઓ જેવી કે ટેડી બીયર,રમકડાં, બોલ-બેટ, હેર પિન, બ્રેસલેટ,ચાર્ટ, ફુગ્ગા લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને ઓરેંજ કલર વિષે માહિતી આપી હતી, જેનાથી બાળકોએ 'learn with fun'ની મજા માણી હતી.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે ૧૮મી જાન્યુઆરી, ૨૦૨૦ ને શનિવારના રોજ 'સામાન્ય જ્ઞાન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. (G.K.Quiz) ધો ૧ થી ૯ ના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લઈ તેમની સામાન્ય જ્ઞાનની વિશેષ ક્ષમતાનો પરિચય આપ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓમાં વિવિધલક્ષી જાણકારીના હેતુસર કરવામાં આવેલ આ સ્પર્ધાથી વિદ્યાર્થીમાં જિજ્ઞાસાવૃત્તિ જણાઈ આવી હતી શાળા પરિવારે વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.